BUSINESS મિત્ર

સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં બંધ, પણ બેન્ક નિફ્ટી પોઝિટિવ રહ્યું

સેન્સેક્સની વીકલી એકસપાયરીએ શેરબજાર અથડાતું જોવા મળ્યું

રોકાણકારોની સંપત્તિમાં રૂ.2.5 લાખ કરોડનો ઉછાળો, મિડકેપ રેકોર્ડ હાઈ પર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 7: ઈરાન અને અમેરિકા વચ્ચે સમજૂતીની આશાએ ભારતીય શેરબજારને ઉપર લઈ જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઉપલા સ્તરેથી નફાવસુલી તેમજ સેન્સેક્સ એકસપાયરીના પગલે બજારમાં દબાણ સર્જાયુ હતું અને તેના પગલે સેન્સેક્સ-નિફ્ટી સપાટ રહ્યા હતા. જોકે, દિવસ દરમ્યાન બેઉતરફી વધઘટ રહી હતી અને દિવસ દરમ્યાન શેરબજાર પોઝિટિવ રહી હતી, પણ છેલ્લે નજીવા ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, લાર્જકેપની સરખામણીએ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સુંદર પ્રદર્શન રહ્યું હતું અને એક-એક ટકા સુધીનો સુધારો જોવાયો હતો.

સંભવિત યુએસ-ઈરાન શાંતિ કરાર અને ભૌગોલિક રાજકીય તણાવ હળવો થતાં બ્રેન્ટ ક્રુડના ભાવ 100 ડોલર પ્રતિ બેરલની નીચે સરકી ગયા હતા. જેના લીધે ડોલર સામે રૂપિયો મજબૂત થયો હતો.

સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી, આઈટી અને પીએસયુ બેન્ક શેરોએ બજારને નીચે લઈ જવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. જ્યારે ઓટો સેકટરે તેને આગળ વધારવાના પ્રયાસ કર્યા હતા. એફએમસીજી અને આઈટીના નિફ્ટી ઈન્ડેક્સમાં અડધા ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેકસમાં દોઢ ટકા ઉછળ્યા હતા.

બ્રોડર માર્કેટમાં સુધારાના લીધે માર્કેટ કેપમાં સુધારો જોવા મળ્યો હતો. રોકાણકારોની સંપત્તિમાં અઢી લાખ રૂપિયાનો વધારો થયો છે. જેના પરિણામે બીએસઈ લિસ્ટેડ તમામ શેરોની કુલ માર્કેટ કેપ રૂ. 472 લાખ કરોડ પર પહોંચી ગયો હતો.

બીએસઈ સેન્સેક્સ 114 પોઈન્ટ એટલે કે 0.15 ટકા ઘટીને 77844.52 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78348 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 77713 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 4.30 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 24326.65 પોઈન્ટના સ્તરે બંદ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24482 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24284 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 66.35 પોઈન્ટ એટલે કે 0.12 ટકા સુધરીને 56000 પોઈન્ટની સપાટી કુદાવીને 56047.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે હેક્ષાવેર ટેકનોલોજીમાં 12.4 ગણા, એમ્બેસી ડેવલપમેન્ટમાં 9.9 ગણા, આદિત્ય બિરલા લાઈફસ્ટાઈલમાં 9.48 ગણા, એપ્ટસ વેલ્યુ હાઉસીંગ ફાઈનાન્સમાં 7.43 ગણા અને એચડીએફસી લાઈફ ઈન્સ્યોરેન્સમાં 6.68 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ક્રાફ્ટમેન ઓઠોમેશનમાં 53.38 ગણા, આદિત્ય બિરલા લાઈફસ્ટાઈલમાં 19.02 ગણા, ગોદરેજ ઈન્ડ.માં 16.51 ગણા, એપ્ટસ વેલ્યુ હાઉસીંગમાં 15.88 ગણા અને કારટ્રેડ ટેકનોમાં 8.72 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટનું સુંદર પ્રદર્શન રહ્યું હતું, લાર્જકેપ શેરો સપાટ રહ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.09 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.16 ટકા વધ્યો હતો. આ દરમ્યાન નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 22836.90 પોઈન્ટની નવી ઈન્ટ્રાડે રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. જેના પગલે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2704 શેરો વધ્યા હતા, જ્યારે 1396 શેરો ઘટયા હતા અને 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી કન્જયુમર ડયુરેબલ ઈન્ડેક્સ 0.84 ટકા ઘટ્યો હતો. જેમાં બ્લુસ્ટાર, ડિકસન ટેકનો, એલજી ઈલેક્ટ્રોનીકસ ઈન્ડિયા, પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ, ટાઈટન કંપની, કજારિયા સીરામીક, કલ્યાણ જવેલર્સ અને વોલ્ટાસ વધ્યા હતા. જ્યારે ક્રોમ્પ્ટોન ગ્રીવ્સ, અંબર એન્ટર અને હેવેલ્સ ઈન્ડિયા વધ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો સુધારા સાથે બંધ રહ્યા હતા. ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ સમજૂતી થવાના આશાવાદની અસર વૈશ્વિક બજારો ઉપર જોવા મળી હતી. એશિયન બજારોમાં જાપાની બજારની આગેવાની રહી હતી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ઈન શાંતિ કરાર પર સંમત થવામાં નિષ્ફળ જશે તો તેના પર ખુબ ઉંચા સ્તરે બોમ્બમારો કરવામાં આવશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.52 ટકા, કેક 0.16 ટકા અને ડેક્સ 0.34 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 5.63 ટકા, સ્ટ્રેઈટસ 0.30 ટકા, હેંગસેંગ 1.61 ટકા, તાઈવાન 1.90 ટકા, કોસ્પી 1.41 ટકા અને જકાર્તા 1.14 ટકા અને શાંઘાઈ 0.48 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં સુધારો ચાલુ, 94.25ના સ્તરે

ફોરેક્સ બજાર

ડોલર	94.25 રૂ.
યુરો	110.88 રૂ.
પાઉન્ડ	129.10 રૂ.
યેન	0.6025 રૂ.

અમદાવાદ, તા. 7: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં સુધારો આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયામાં 37 પૈસાનો સુધારો જોવાયો હતો અને 94.25ના સ્તરે બંધ રહ્યો હતો. ક્રુડ ઓઈલના ભાવ 100 ડોલરની નીચે રહેતા રૂપિયામાં સુધારો જોવાયો હતો. જોકે, આજે શરૂઆતમાં રૂપિયામાં નરમાઇ સાથે ખુલ્યો હતો, પણ પાછળથી મજબૂતાઇ સાથે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.62ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.88, પાઉન્ડ 129.10, કેનેડિયન ડોલર 69.30, ઓસ્ટ્રેલિયન ડોલર 68.80, જાપાનીઝ યેન 0.6025 અને સીંગાપોર ડોલર 74.21ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-114.00	77844.52
નિફ્ટી	-4.30	24326.65
બેન્ક નિફ્ટી	66.35	56047.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
HDFC લાઇફ	3.14	625.40
બજાજ ઓટો	2.77	10605.00
મહિન્દ્રા-મહિન્દ્રા	2.12	3370.70
ગ્રાસીમ ઇન્ડ.	1.57	2960.60
એનટીપીસી	1.39	400.35

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	1.94	2272.20
ટીસીએસ	1.40	2401.40
ટેક મહિન્દ્રા	1.26	1448.20
ટાઇટન કંપની	1.20	4307.50
આઇટીસી	1.06	307.40

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	2.04	3367.35
એનટીપીસી	1.33	399.95
કોટક બેન્ક	1.18	380.65
ટાટા સ્ટીલ	0.67	217.00
ઇટર્નલ	0.66	257.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	1.90	2274.00
ટીસીએસ	1.38	2401.75
ટેક મહિન્દ્રા	1.29	1448.00
ટાઇટન કંપની	1.08	4311.30
સન ફાર્મા	1.03	1831.30

વિજયને મુખ્યમંત્રી બનતા અટકાવવા માટે કટ્ટર શત્રુ DMK અને AIADMK સાથે આવશે?

રાજકારણનું બીજું નામ જ અનિશ્ચિતતા છે. તામિલનાડુના રાજકારણમાં અણધાર્યા વળાંકો આવી રહ્યા છે. પહેલો વળાંક ફિલ્મસ્ટાર વિજયની પાર્ટીનો અણધાર્યો વિજય હતો. હજુ તો બે વર્ષ પહેલાં જે પાર્ટીની રચના કરવામાં આવી હતી તેણે લગભગ ૬૦ વર્ષથી વારાફરતી સત્તા ભોગવતા ડીએમકે અને અન્ના ડીએમકેનાં સૂપડાં સાફ કરીને ૧૦૮ બેઠકો મેળવી હતી. તામિલનાડુની પ્રજાએ દ્રાવિડ રાજકારણ ખેલનારા પક્ષોને જાકારો આપ્યો હતો, તેમ છતાં વિજયના પક્ષ TVK ને સરકાર બનાવવા માટે જોઈતી બહુમતીથી માત્ર ૧૦ બેઠકો ઓછી મળી હતી. આ ૧૦ બેઠકો પૈકી ૫ બેઠકો કોંગ્રેસ તરફથી બાહ્ય ટેકાના રૂપમાં મળવાની જાહેરાત થઈ ચૂકી હતી. કોંગ્રેસના મોવડીમંડળે સ્ટાલિન અને ઈન્ડિયા ગઠબંધનને નારાજ કરવાનું જોખમ ઉઠાવીને પણ વિજયને ટેકો આપવાનો નિર્ણય કર્યો હતો. હવે મુખ્ય મંત્રીની ખુરશી અને વિજય વચ્ચે માત્ર પાંચ જ બેઠકોનો ફાંસલો રહેતો હતો, જેના માટે નાના પક્ષો સાથે વાત ચાલી રહી હતી, ત્યાં ડીએમકે અને અન્ના ડીએમકે દ્વારા જબરી ચાલ ચાલવામાં આવી હતી. ૬૦ વર્ષથી એકબીજાના કટ્ટર દુશ્મન તરીકે વર્તતા આ બે પક્ષો વિજયને મુખ્યમંત્રી બનતાં અટકાવવા સાથે આવવા તૈયાર થયા છે.

તાજેતરમાં પૂર્ણ થયેલી તમિલનાડુ ચૂંટણીમાં વિજયની તમિલગા વેત્રી કઝગમ (TVK) એ ૧૦૮ બેઠકો જીતી છે, જે બહુમતીથી માત્ર ૧૦ બેઠકો ઓછી છે. બે વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડનારા વિજયને તેમાંથી એક બેઠક ખાલી કરવી પડશે, જેના કારણે TVK ની તાકાત ઘટીને ૧૦૭ થઈ જશે. કોંગ્રેસે સરકાર રચનામાં TVK ને ટેકો આપ્યો છે. આ જૂની પાર્ટી પાસે પાંચ ધારાસભ્યો છે. વિજય પાસે હવે ૧૧૩ ધારાસભ્યોનો ટેકો છે અને સરકાર બનાવવા માટે તેને વધુ પાંચ ધારાસભ્યોની જરૂર છે. ડીએમકે ૫૯ બેઠકો જીતવામાં સફળ રહ્યું અને એઆઈએડીએમકેને ફક્ત ૪૭ બેઠકો મળી છે. જો બંને પક્ષો હાથ મિલાવશે તો પણ જે ગઠબંધન બનશે તે બહુમતીના આંકડાથી ૧૨ બેઠકો ઓછું રહેશે. આ ૧૨ બેઠકો મેળવવા તેણે મોટો ખેલ પાડવો પડશે. બીજી બાજુ DMK સાથે સરકાર બનાવવાની બાબતમાં AIADMK આંતરિક વિખવાદનો અનુભવ કરી રહ્યું છે. તેના ધારાસભ્યોમાં પક્ષના નેતૃત્વ પ્રત્યે નોંધપાત્ર અસંતોષ છે. તેના ૪૭ ધારાસભ્યોમાંથી લગભગ ૩૦ ધારાસભ્યો વિજયના પક્ષ TVK ને સમર્થન આપી રહ્યા છે, જે પક્ષની અંદર વફાદારીમાં સંભવિત પરિવર્તનનો સંકેત આપે છે. ચૂંટણી પછીનાં જોડાણો અને નેતૃત્વ સ્થિરતા માટે AIADMK ની સ્થિતિને આ આંતરિક ઝઘડાએ જટિલ બનાવી દીધી છે. સૂત્રોએ દાવો કર્યો છે કે બંને પક્ષોએ તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરને પત્ર મોકલ્યો છે કે તેમની પાસે વિધાનસભામાં બહુમતી હાંસલ કરવા માટે સંખ્યાબળ છે. બીજી બાજુ ડીએમકે એઆઈએડીએમકેમાં નેતૃત્વના સંકટનો અંત આવે તેની રાહ જોઈ રહ્યું હોવાના અહેવાલ છે.

તમિલનાડુમાં ખંડિત વિધાનસભા ચૂંટણીનાં પરિણામો પછી સરકારની રચનામાં હોર્સ ટ્રેડિંગ થવાની સંભાવના વધી રહી છે. ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIADMK) ના વિધાનસભ્યો વિજયના પક્ષમાં ભળી ન જાય તે માટે ગુરુવારે પાર્ટીના કેટલાક ધારાસભ્યોને પડોશી કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરી ખસેડવામાં આવ્યા છે. AIADMKના મહાસચિવ એડાપ્પડી કે પલાનીસ્વામી (EPS) ની સંમતિ વિના ધારાસભ્યોને પુડુચેરી ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ પણ બહાર આવ્યા છે. તેના પર પ્રતિક્રિયા આપતાં AIADMK એ જણાવ્યું હતું કે બધા નવા ચૂંટાયેલા ધારાસભ્યો પહેલાથી જ પરામર્શ માટે EPS ને મળ્યા છે. એઆઈએડીએમકેના વરિષ્ઠ નેતા સીવી ષણમુગમે પલાનીસ્વામીની

ટુ ધ પોઈન્ટ
■ સંજય વોરા ■

મંજૂરી વિના વિજયતરફી ધારાસભ્યોને પુડુચેરીના એક રિસોર્ટમાં ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલો બાદ આ સ્પષ્ટતા કરવામાં આવી છે. આંતરિક ઝઘડાની અફવાઓને નકારી કાઢ્યા હોવા છતાં AIADMK એ કબૂલ કર્યું છે કે તેના ધારાસભ્યોને ખરેખર પુડુચેરી લઈ જવામાં આવ્યા છે. પાર્ટીના પ્રવક્તા કોવાઈ સત્યાને જણાવ્યું હતું કે ધારાસભ્યોને કેન્દ્રશાસિત પ્રદેશમાં રાખવામાં આવ્યા છે. જો કે, તેમણે કેટલા ધારાસભ્યોને પુડુચરી ખસેડવામાં આવ્યા છે તે જાહેર કર્યું નથી કે નિર્ણય પાછળનું કારણ સમજાવ્યું નથી.

સંભવિત રાજકીય જોડાણ અંગેની અટકળો વચ્ચે AIADMK ના ડેપ્યુટી જનરલ સેક્રેટરી કેપી મુનુસામીએ વિજયની પાર્ટીને ટેકો આપવાની વાતને સ્પષ્ટપણે નકારી કાઢી છે. મુનુસામીએ જણાવ્યું હતું કે કોઈ પણ સંજોગોમાં AIADMK TVK ને સમર્થન આપશે નહીં. અમે અમારા પક્ષના મહાસચિવ એડાપ્પડી કે. પલાનીસ્વામીની સૂચના મુજબ આ સ્પષ્ટતા જારી કરી રહ્યા છીએ. ૪ મેનાં ચૂંટણી પરિણામો પછી એઆઈએડીએમકેના અનેક નેતાઓ અને નવા ચૂંટાયેલા ધારાસભ્યો પલાનીસ્વામીને તેમના નિવાસસ્થાને મળ્યા બાદ આ નિવેદન આવ્યું છે.

સરકારની રચના અંગે અનિશ્ચિતતા વચ્ચે અહેવાલો સૂચવે છે કે અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયનું ટીવીકે છેલ્લા બે દિવસથી એઆઈએડીએમકે સાથે વાટાઘાટો કરી રહ્યું છે. એઆઈએડીએમકેના ભૂતપૂર્વ નેતા અને વર્તમાન ટીવીકે ધારાસભ્ય સેંગોટયન પાર્ટી માટે વાટાઘાટોનું નેતૃત્વ કરી રહ્યા છે, જ્યારે એઆઈએડીએમકેનું પ્રતિનિધિત્વ તેના ધારાસભ્ય લીમા રોઝ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે ટીવીકેના મુખ્ય કાર્યકારી આધવ અર્જુનનાં સાસુ પણ છે. સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે પાર્ટીના વરિષ્ઠ નેતા સીવી ષણમુગમ અને એસપી વેલુમણિ દ્વારા દબાણ કરવામાં આવ્યા બાદ એડપ્પડી પલાનીસ્વામીએ વાટાઘાટોને લીલી ઝંડી આપી હતી. એવી અટકળો છે કે એડપ્પડીએ પાંચ કેબિનેટ પદ અને સ્પીકર પદ માંગ્યું હતું. તેઓ એ પણ ઇચ્છતા હતા કે ગઠબંધન ટીવીકે અને એઆઈએડીએમકે વચ્ચે વિશિષ્ટ હોય. તેઓ શાસનમાં સંપૂર્ણ સ્વતંત્રતા પણ ઇચ્છતા હતા. જો કે, વિજયે એડાપ્પડી પલાનીસ્વામીની શરત સ્વીકારી ન હોવાનું કહેવાય છે કારણ કે તેઓ એકલા AIADMK દ્વારા બંધક બનવા માંગતા નથી. તેના બદલે, તેઓ એક વ્યાપક ગઠબંધન ઇચ્છે છે જેમાં કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને અન્ય પ્રાદેશિક પક્ષોનો સમાવેશ થાય. મંગળવારે શરૂ થયેલી વાટાઘાટો બુધવારે બપોરની આસપાસ તૂટી પડી હતી. ટીવીકેને શરતી ટેકો આપતી કોંગ્રેસ ભાજપ તરફી વલણ ધરાવતી પાર્ટીઓ સાથે કોઈ પણ જોડાણની વિરુદ્ધ હતી. જો કે, પલાનીસ્વામીએ વાટાઘાટોમાંથી પીછેહઠ કરી, કારણ કે બહુપક્ષીય ગઠબંધનમાં એઆઈએડીએમકેનો પ્રભાવ ઘટશે અને તેમની પાસે નિર્ણય લેવાની શક્તિ રહેશે નહીં. આના કારણે AIADMK એ તેના ધારાસભ્યોને પુડુચેરીના રિસોર્ટમાં ખસેડવાની ફરજ પડી હોવાનું પણ કહેવાય છે. પલાનીસ્વામીને ડર છે કે TVK ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ કરી શકે છે. એવા પણ અહેવાલો છે કે TVK ને ટેકો આપવાને લઈને પાર્ટીમાં ભાગલા પડી રહ્યા છે.

ભાજપ અને ડો. અંબુમણિ રામદાસની આગેવાની હેઠળના પીએમકે સાથે જોડાણ કરીને ૪૭ બેઠકો જીતનાર AIADMK વિભાજન તરફ આગળ વધી રહ્યું છે. જો પાર્ટીના મહાસચિવ એડાપ્પડી પલાનીસ્વામી વિજય સાથે ગઠબંધનને સમર્થન આપવાનો ઇનકાર કરે તો AIADMK ધારાસભ્યોનો એક ભાગ તૂટી શકે છે. ભૂતપૂર્વ મંત્રીઓ ષણમુગમ અને વેલુમાણી TVK તરફી તરીકે ઊભરી આવ્યા છે, જ્યારે EPS TVK સાથેના ગઠબંધનનો વિરોધ કરે છે. ૪૭ ધારાસભ્યોમાંથી બે તૃતીયાંશ અથવા ઓછામાં ઓછા ૩૧ ધારાસભ્યો TVK ને સમર્થન આપે તેવી શક્યતા છે. જો બળવો સફળ ન થાય તો કેટલાક AIADMK ધારાસભ્યો વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ દરમિયાન TVK સરકારની બહુમતી સુનિશ્ચિત કરવા માટે મતદાનથી દૂર રહી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ભાજપ અને ડૉ. અંબુમણિ રામદાસના પીએમકે સાથે જોડાણ કરીને ૪૭ બેઠકો જીતનાર AIADMK વિજયને ટેકો આપવાની બાબતમાં વિભાજન તરફ આગળ વધી રહ્યું છે

ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઘટાડો

$100ની નીચે પહોંચતા વૈશ્વિક બજારે લીધો રાહતનો શ્વાસ

નવી દિલ્હી, તા. 7: મીડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે બજારને મોટી રાહત મળી રહી હોય તેવું લાગે છે. ક્રુડ ઓઈલના ભાવમાં સતત વધારા બાદ હવે ઘટાડાનો તબક્કો જોવા મળ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટાડવાના નવા પ્રયાસોના સમાચાર સામે આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ ફરીથી 100 ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગયા છે. ગત ટ્રેડિંગ સત્રમાં લગભગ 8 ટકાના ઘટાડા બાદ બ્રેન્ટ ક્રૂડ 99 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો, જ્યારે અમેરિકાનો ડબલ્યુટીઆઈ 93 ડોલરની નજીક ટ્રેડ કરતો જોવા મળ્યો હતો. રિપોર્ટ અનુસાર, અમેરિકાએ ઈરાનને એક પાનાનો સમાધાનનો પ્રસ્તાવ મોકલ્યો છે, જેના દ્વારા હોર્મુઝ ખાડીને ધીમે ધીમે ફરીથી ખોલી શકાય તેવુ માનવામાં આવી રહ્યું છે કે ઈરાન આગામી દિવસોમાં આ પ્રસ્તાવનો જવાબ આપી શકે છે. જો બંને દેશો વચ્ચે સમજૂતી થઈ જાય તો વૈશ્વિક ઉર્જા બજારને મોટી રાહત મળી શકે છે કારણ કે હોર્મુઝ ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ પુરવઠાના માર્ગોમાંનો એક છે.

મીડલ ઈસ્ટમાં યુદ્ધ તીવ્ર બન્યા પછી, ફેબ્રુઆરીના અંતથી હોર્મુઝની ખાડી લગભગ બંધ થઈ ગઈ હતી. આ માર્ગ વિશ્વના મોટા ભાગને તેલ અને ગેસ સપ્લાય કરે છે. ઈરાનથી જહાજોની અવરજવરમાં વિક્ષેપ અને બીજી બાજુ યુએસની સૈન્ય હાજરીને કારણે પરિસ્થિતિ અત્યંત તણાવપૂર્ણ રહી. આ બેવડા નાકાબંધીએ વૈશ્વિક ઉર્જા બજારને ખરાબ અસર કરી હતી અને ક્રુડના ભાવમાં તીવ્ર વધારો થયો હતો.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે જો ઈરાન પૂર્વનિર્ધારિત શરતોને સ્વીકારશે તો અમેરિકા પોતાનું સૈન્ય અભિયાન સમાપ્ત કરશે અને નાકાબંધી પણ હટાવી લેવામાં આવશે.

સોના-ચાંદીમાં તેજીનો કરંટ: ચાંદીમાં 7350નો ઉછાળો

મુંબઈ, તા. 7: અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત શાંતિ કરારની આશાએ વૈશ્વિક બજારમાં ડૉલર નબળો પડતા સોના-ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. સ્થાનિક બજારમાં (MCX) સોનું 10 ગ્રામ દીઠ 810 વધીને 1,53,540 પર પહોંચ્યું છે, જ્યારે ચાંદીમાં પ્રતિકિલો 7350નો જંગી વધારો થતા ભાવ 2,61,430ના સ્તરે પહોંચ્યા છે.

આંતરરાષ્ટ્રીય બજાર: ન્યૂયોર્કમાં સોનું 1.1% વધીને $4,746 પ્રતિ ઔંસ થયું.

ક્રૂડની અસર: બ્રેન્ટ ક્રૂડમાં ચાલુ સપ્તાહે 6%નો ઘટાડો નોંધાયો છે, જેની પોઝિટિવ અસર કિંમતી ધાતુઓ પર પડી છે.

રોકાણકારોનું વલણ: પશ્ચિમ એશિયામાં યુદ્ધના વિરામની શક્યતા અને ફુગાવા સામે રક્ષણ મેળવવા સટોડિયાઓએ સોના-ચાંદીમાં નવી પોઝિશન બનાવી છે.

અન્ય ધાતુઓ: પ્લેટિનમ $2,060 પર સ્થિર રહ્યું છે, જ્યારે પેલેડિયમમાં મામૂલી ઘટાડો જોવા મળ્યો છે.

નિષ્ણાતોના મતે, યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજદર અંગેના આગામી નિર્ણયો અને તેલના ભાવમાં થતી વધઘટ હવે સોનાની તેજીની દિશા નક્કી કરશે.

હવે 'ગ્રીન' એનર્જીથી ચાલશે એપલ

ભારતમાં રૂ.100 કરોડના રોકાણની મોટી જાહેરાત

નવી દિલ્હી, તા. 7: અમેરિકન ટેક જાયન્ટ અને આઈફોન નિર્માતા એપલે ભારતના ક્લીન એનર્જી સેક્ટરમાં એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પગલું ભર્યું છે. તેના વ્યાપક ટકાઉપણું અને કાર્બન ન્યુટ્રાલિટી લક્ષ્યોને ઝડપથી પહોંચી વળવા માટે, કંપનીએ ભારતમાં રિન્યુએબલ એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે 100 કરોડ રૂપિયાના રોકાણની સત્તાવાર જાહેરાત કરી છે. આ રોકાણને ભારતમાં પર્યાવરણીય સંરક્ષણ અને ગ્રીન સપ્લાય ચેઇનને મજબૂત કરવાની દિશામાં એક મોટો પ્રયાસ માનવામાં આવે છે. એપલે ભારતના અગ્રણી રિન્યુએબલ એનર્જી ડેવલપર્સમાંના એક, ક્લીનમેક્સ સાથે મળીને આ નોંધપાત્ર રોકાણ કરવાનો નિર્ણય લીધો છે. આ ભાગીદારી હેઠળ, સમગ્ર દેશમાં 150 મેગાવોટથી વધુ નવી રિન્યુએબલ એનર્જી ક્ષમતાનું નિર્માણ કરવામાં આવશે. આ નવી ઉર્જા ક્ષમતાની અસરનું મૂલ્યાંકન કરતા એપલે જણાવ્યું હતું કે ઉત્પાદિત ઉર્જા વાર્ષિક લગભગ 1.5 લાખ ભારતીય ઘરોને વીજળી આપવા માટે પૂરતી હશે. કંપનીનું વિઝન આટલું જ મર્યાદિત નથી, પરંતુ તે આગામી વર્ષોમાં આ ક્ષમતાને વધુ વધારવાની પણ યોજના ધરાવે છે. આપહેલનો પ્રાથમિક ઉદ્દેશ ભારતમાં એપલની સપ્લાય ચેઈન કામગીરીમાં નવીનીકરણીય ઊર્જાને અપનાવવાનો છે.

ટ્રમ્પની ચેતવણી છતાં એશિયાઈ બજારોમાં 'બુલ રન'

જાપાનનો નિક્કી ઇતિહાસમાં પહેલીવાર 63,000ને પાર

ટ્રમ્પની ઈરાન ચેતવણી છતાં એશિયાઈ બજારોમાં આજે તેજી જોવા મળી હતી. જાપાનનો નિક્કી પહેલી વાર 63,000 ની ટોચ પર પહોંચ્યો હતો અને ટ્રેડિંગ સેશન દરમ્યાન બેન્ચમાર્ક જાપાનીઝ ઈન્ડેક્સ 5.7% વધીને 63,091.14 પર પહોંચ્યો. જે ગઈકાલે 59513.12 પર બંધ રહ્યો હતો. વ્યાપક ટોપિક્સ ઈન્ડેક્સ 1.91% વધ્યો હતો. ગુરુવારે જાપાનનો નિક્કી 225 પહેલી વાર 62,000 ના સ્તરને પાર કરી ગયો, જેના કારણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન અંગે નવી ચેતવણીઓ છતાં એશિયા-પેસિફિક બજારોમાં તીવ્ર તેજી જોવા મળી છે.

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	ગાર્ડન	
લોકલ		RIL રિલાયન્સ		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	વેલનોન (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૬૦૯૦
તેજાબી સોનું	૧૫૬૦૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૮૨૮૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૨૭૯૦
સોનાનાં બિસ્કીટ	૧૫૬૦૯૦૦
ચાંદી (૯૯૯)	૨૬૩૪૦૦
ચાંદી સિક્કા	૨૬૪૯૦૦

તેલ બજાર સુરત ૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૧૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

અમારે સાફ સફાઈ
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. ના. 9429618212

ડેન્ટલ ક્લિનિકમાં
સ્ટાફ જોઈએ છે, આનંદ મહાલ રોડ અડાજણ 9537009560 (77)

મેનેજર જોઈએ છે
કોમ્પ્યુટર, ટેલી અને ઈન્ટરનેટના જાણકાર ટ્રસ્ટના વહિવટી અને કાયદાકીય જાણકાર ઓછામાં ઓછો 3 વર્ષનો અનુભવ બાયોડેટા વોટસએપથી મોકલવા. મો. નં:- 08690892808 સરીતા સાગર સંકુલ ટ્રસ્ટ, અડાજણ રોડ, સુરત. (79)

ફિઝિયોથેરાપી ક્લિનિક
માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

જોઈએ છે
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ, લોક સમર્પણ ટ્રસ્ટ , શ્રમજીવી મહિલા કલ્યાણ ટ્રસ્ટ, એમ.એલ.પી. ટ્રસ્ટ સુરત સંસ્થાઓમાં ટી. આઈ પ્રોજેક્ટ માટે સ્ટાફના ફિક્સ પગારથી ઈન્ટરવ્યુ રાખેલ છે. આઉટ રીચ વર્કર (4) લાયકાત 12 પાસ અથવા સ્નાતક વેતન 10500/- TA 1500/- ઈન્ટરવ્યૂ તારીખ -12/05/2026 સમય 11 થી 1 ઈન્ટરવ્યૂ સ્થળ- લોક સમર્પણ ટ્રસ્ટ, મીરાનગર, મીની બજાર, સુરત (મો. નં 9925331884) (78)

સર્વિસ માટે માણસો
જોઈએ છે સુરત રેલ્વેસ્ટેશન વિસ્તાર માં જ્યુસ સેન્ટર પર સર્વિસ કરી શકે એવા સર્વિસ માણસો ની જરૂર છે આકર્ષક પગાર તથા કમિશન આપવામાં આવશે. સમય રાત્રે 8 વાગ્યાથી 4 વાગ્યા સુધી. સંપર્ક નંબર 9099991996, 8469195557, 9974078648

મિલ્કત જોઈએ છે

મુસ્લિમ પરિવાર માટે
2 BHK, સ્ટેશનની આજુ બાજુમા ભાડેથી એપાર્ટમેન્ટમાં જોઈએ છે. કોન્ટેક્ટ કરો. એડ્રેસ- શોપ નં 303, સંસ્કૃતિ AC માર્કેટ પુણા પાટિયા, પર્વત ખાડી, સુરત. મો. નં: 8733012363

FOR Sell
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ૐશિવ ટ્રાવેલ્સ
15- મેં, અધિકમાં (હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, જયપુર) (કાશી વિશ્વનાથ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) 13, 20, 27, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 21, 28, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

દુકાનો વેચવાની છે
જોડકા દુકાન 430 + 430 સ્કે. ફીટની ગ્રાઉન્ડ ફ્લોર, માર્જીનની જગ્યાવાળી રાજહંસ એપલ પાસે, પાલનપોર રોડ ટચ, દુકાનો વ્યાજબી ભાવે વેચવાની છે. દલાલ માફ.
કો. 9586711209 9825121982

શનિ/ રવિ ખાનવેલમાં
નાઈટ, સેલવાસ, દમણ, અધિકમાં (એસી) હરિદ્વાર, વૃંદાવન, મથુરા ખાટુશ્યામ, (સાગર 9427113317)

સદગુરુ ટ્રાવેલ્સ
અમરનાથ યાત્રા 2x1 સ્લીપર બસ ૭/જુલાઈ ૧૮૫૦૦/- ૯૮૭૯૮૫૧૩૧૮

ઉજ્જૈન, શ્રીનાથજી,
દ્વારકા, અધિકમાં હરિદ્વાર, વૃંદાવન, જયપુર, મહાદેવ ટુર એન્ડ ટ્રાવેલ્સ 7802062340. (76)

KRUPA ENTERPRISE
તમારાં ઘરને બનાવો વોટરપ્રુફ, વોટરપ્રુફીંગ, -ચાઇના મોઝિક, રુટા વોટર પ્રુફીંગ, ભેજ ટ્રિટમેન્ટ, કલર કામ, ટાઇલ્સનાં કામ કરી આપવામાં આવશે.
સંપર્ક :- જયદિપ રાવલ
+91 97145 30031
+91 99139 23462

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ભાડાની Fix આવક
થાય તેવા રોકાણકાર માટે જોલી આર્કેડ, ઘોડ દોડ રોડ પર મોકાની દુકાન વેચવાની છે.
551 + 400 SqFeet ની
Contact 9825522668

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા TV, LCD,
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

કમ્પલીટ ફાર્મહાઉસ
કાંટાતાર ફેન્સીગ દરવાજો રેઝર કોઈલ ફિટિંગ RCC દિવાલ આંબા, ચીકુ નારેળેરી ગાર્ડન ડેવલપ ખાતરીપૂર્વક કરી આપીશું. 9924337821 (80)

લાઈફ હિંચકાના કડાં,
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

મિલ્કત વેચવાની છે

ફ્લેટ વેચાણ
ગેસ લાઈન, લીફ્ટ, દસ્તાવેજ બીજા માળે અનાવિલ શેરી સગરામપુરા 8488968543

ઓફીસ વેચવાની છે
503, 504- ગોલ્ડન પોઈન્ટ, ફાલસાવાડી નાકે, રીંગરોડ, સુરત. Mobile: 9825112599

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.